# Directorate of Accounts & Treasuries

નં. હિતિનિ/ઈડીપી/ડીજીટલ સિગ્નેચર/ ૩૯૨૪ તા. ૯-/૦૯/૨૦૧૫

પરિપત્ર:૩/૨૦૧૫

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : ઈપીટી/૧૦૨૦૧૨/સીએસઓ-૨૧/ઝ, તા.૩૦-૦૪-૨૦૧૩.

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:- તજર-૧૦૦૫-૧૫૩-ઝ, તા.૨૭-૦૫-૨૦૧૩.

વિષય: ડીજીટલ સિગ્નેચરનો ઉપયોગ કરીને રજુ કરવામાં આવતા બીલો બાબત

મહાશય,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના તા.૨૭/૦૫/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:તજર-૧૦૦૫-૧૫૩-ઝ અન્વયે ડીજીટલ સિગ્નેચર ધરાવતા ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓએ પગાર ભથ્થાં અને તેના આનુષંગિક બીલોનું ચુકવણું ઈ-પેમેન્ટથી કરવાનું ઠરાવવામાં આવેલ છે. અત્રેની કચેરીના રેકર્ડ અનુસાર મહદંશે ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને ડીજીટલ સિગ્નેચર પુરી પાડવામાં આવેલ છે. પરંતુ IFMS માંથી ઉપલબ્ધ માહિતી અનુસાર ઘણા ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને ડીજીટલ સિગ્નેચર ફાળવવામાં આવેલ હોવા છતાં તેઓ દ્વારા કચેરીના બીલો ઈ-પેમેન્ટ વગર ચેકથી ચુકવણું કરવામાં આવે છે. જે સરકારશ્રીની સુચનાઓને અનુરૂપ નથી.

આ સંદર્ભમાં ડીજીટલ સિગ્નેચર ફાળવવા માટે કરવામાં આવેલ ખર્ચનો ઉચિત લાભ સરકારશ્રીને મળતો નથી તેમજ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે કરવામાં આવતા નાણાકીય વ્યવહારોની અધિકૃતતા થઈ શકતી નથી. તદઉપરાંત રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા "Go Green Initiative" ની સુચનાનો અમલ કરી શકાતો નથી. આ પ્રશ્નના નિરાકરણ માટે નાણાકીય વ્યવહારો ઈ-પેમેન્ટથી થાય તે અંગેની સૂચના આપવામાં તમામ ઉપાડ

અને વહેંચણી અધિકારીઓને આપવાની રહેશે. તેમજ જે ઉપાડ અને વહેંચણી અધિકારીઓ દ્વારા ઈ-પેમેન્ટથી બીલો રજુ કરવામાં આવતા નથી તેઓને ડીજીટલ સિગ્નેચર પુરી પાડવાની કામગીરી TCS સાથે સંપર્કમાં રહી પુરી કરવાની રહેશે અને ઈ-પેમેન્ટથી બીલો રજુ કરવાની સુચના આપવી.

નિયામક

નકલ રવાના, પ્રતિ,

(૧) સંયુકત નિયામકશ્રી, તિજોરી નિયંત્રણ શાખા, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.

(૨) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ............................ તમામ.

(૩) પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૪) વિભાગીય તિજોરી અધિકારીશ્રી, વિભાગીય તિજોરી કચેરી, અમદાવાદ.